અપીલ અરજી નં.૪૨૬ તા.૨૯–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૨–૨–૧૧ની અરજીથી મુદૃા નં.૧ ખપાટીયા ચકલા ઈન્દ્રપ્રસ્થ માર્કેટની સામેની મિલ્કતો ઘર નં. ૧૦/૨૨૧, ૨૨૨,૨૨૩ તથા બાજુની મિલ્કત નોંધ નં.૧૦/૧૪૪૯, ૧૪૫૦,૧૪૫૧ ની દુકાનો બહારનાં ભાગે રોડ સાઈડમાં પડતી હોવાથી જે દુકાનોનું કાયદેસર ડીમોલેશન ન કરવા અંગેની માહિતીની નકલો. વિ. મુદૃા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૬/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૨–૨–૧૧ની અરજીથી મુદૃા નં.૧ ખપાટીયા ચકલા ઈન્દ્રપ્રસ્થ માર્કેટની સામેની મિલ્કતો ઘર નં. ૧૦/૨૨૧, ૨૨૨,૨૨૩ તથા બાજુની મિલ્કત નોંધ નં.૧૦/૧૪૪૯, ૧૪૫૦,૧૪૫૧ ની દુકાનો બહારનાં ભાગે રોડ સાઈડમાં પડતી હોવાથી જે દુકાનોનું કાયદેસર ડીમોલેશન ન કરવા અંગેની માહિતીની નકલો. વિ. મુદૃા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રતિભાવ નળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬ તા.૬–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારનેઅપીલ અરજીમાં તેમણે ખરેખર શું માહિતી માંગેલ છે તે સ્પષ્ટ કરવા તથા તેમણે માત્ર વિધાન કરેલ છે પણ માહિતી શું જોઈએ છે? તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીડીઓ/૪ તા.૨૦–૪–૧૧ થી પૂરક પત્ર મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજીથી ૧ ખપાટીયા ચકલા ઈન્દ્રપ્રસ્થ માર્કેટ સામેની મિલ્કતો અંગે ડીમોલીશન અંગેની માહિતી માંગતી અરજી ઝોનલચીફ સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેમાં મુદૃા નં.૧ ખપાટીયા ચકલા ઈન્દ્રપ્રસ્થ માર્કેટની સામેની મિલ્કનો ઘર નં. ૧૦/૨૨૧, ૨૨૨,૨૨૩ તથા બાજુની મિલ્કત નોંધ નં.૧૦/૧૪૪૯, ૧૪૫૦ ,૧૪૫૧ ની દુકાનો બહારનાં ભાગે રોડ સાઈડમાં પડતી હોવાથી જે દુકાનોનું કાયદેસર ડીમોલેશન ન કરવા અંગેની માહિતીની નકલો. મુદૃા નં.(૨) ઉપરોકત દુકાનોમાં લીધે અહીંથી જનરલ હોસ્પિટલની એમ્બ્યુલન્સને આવવા– જવામાં તકલીફ પડતી હોય અને જેના લીધે આગળ એક ગંભીર દર્દીનું મોત પણ થયેલ છે અને હજુ પણ સદર જણાવેલ મિલ્કતો જ કાયદેસર ડીમોલીશન કરવામાં નહીં આવે તો કોઈ ગંભીર ઈમરજન્સી દર્દીનું મોત થશે તો તેની જવાબદારી ઝોનલચીફ સેન્ટ્રલઝોનમાં સુરત મહાનગર સેવા સદનની કાયદેસરની રહેશે. જે અંગેની માહિતીની નકલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૩૭ તા.૧૭–૩–૧૧ થી મુદૃા નં.૧ અંગે ટાઉન પ્લાનીંગ વિભાગને દિન–૨૪ બાદ તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારને પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ તા.૨૯–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અપીલ તબકકે અત્રેથી બંને પક્ષકારોને પૂરક વિગતો માંગતા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪ તા.૨૦–૪–૧૧ થી સદર અરજી સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાવેલ છે. સેન્ટ્રલઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વિગત જોતાં મુદૃા નં.૨ માં અરજદારે કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી માત્ર વિધાન કરેલ છે અપીલ તબકકે તક આપવા છતાં અરજદાર માહિતી સ્પષ્ટ કરવામાં સફળ રહેલ નથી તેથી મુદૃા નં.૨ અંગે કોઈ તકરાર રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ ની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,